# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૧૭

# દિવસો જુદાઈના જાય છે

વિધાર્થીનું નામ :

શાળાનું નામ :

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page No.
DATE / /

# દિવસો જુદાઈના જાય છે

કવિ :- ગની દહીંવાલા
પ્રકાર :- ગઝલ
સંદર્ભ :- 'મહેક' માંથી

દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,
મારો હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.

તમે રાંકનાં છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં,
જો અરજ કબૂલ હો આટલી, તો હૃદયથી જાઓ નયન સુધી.

તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી !
તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.

જો હૃદયની આગ વધી 'ગની' તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,
કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.
('મહેક' માંથી)

## શબ્દ - સમજૂતી

ઉન્નતિ - ઊંચે જઈ રહેલી સ્થિતિ
ચીર - વસ્ત્ર, કાપડ
કફન - શબને ઓઢાડવાનું લૂગડું, ખાપણ
રંક - ગરીબ

## વિરુદ્ધાર્થી શબ્દો

રંક x ધનવાન
ઉન્નતિ x અવનતિ
સંમતિ x અસંમતિ
શત્રુ x મિત્ર
જુદાઈ x મિલન
ધરા x ગગન

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page No.
DATE: / /

# સ્વાધ્યાય

1) સ્વજન સુધી કોણ લઈ જશે ?
-> દુશ્મનો

2) કવિને ક્યાં સુધી જવું હતું ?
-> એકમેકના મન સુધી

1) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે ?
-> ગરીબ સ્ત્રીની ચૂંદડી તેના કફન સુધી સાથે રહે છે.

2) કવિ માટે કેવા દિવસો જતા ?
-> કવિ માટે પ્રિયતમાથી જુદાઈના વિરહના દિવસો જતા હતા.

1) કવિ કઈ અરજ કરે છે ?
-> કવિ અરજ કરતાં કહે છે કે તમે રંકના રતન જેવા છો, એટલે એ રંકનાં દર્દનાં આંસુ વ્યર્થ ન જાય એ જોવાનું કામ તમારું છે. અમારી આ અરજ તમને માન્ય હોય તો હૃદયથી તેનાં આંસું લૂછવા રંકનાં નયન સુધી જાઓ.

1) 'દિવસો જુદાઈના જાય છે.' - ગઝલમાં ગનીની મન:સ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.
'દિવસો જુદાઈના જાય છે' ગઝલના આરંભની પંક્તિ જ કવિ ગનીની વિયોગની મન:સ્થિતિને વ્યક્ત કરે છે. તેમ છતાં કવિને આશા છે કે એ જ જુદાઈ તેમને એક દિવસ મિલન સુધી લઈ જશે. જીવનમાં ભલે શત્રુ આવ્યા હોય, પણ એ જ તેમનો હાથ પકડીને તેમનાં સ્વજન સુધી લઈ જશે. કવિને ધરતી સુધી કે ગગન સુધી જવામાં રસ નથી. તેમને તો તેમને જીવનમાં ઉન્નતિ થાય કે પતન થાય તેવા માર્ગ સુધી પણ જવું નથી. તેમને તો એકબીજાના દિલ સુધી પહોંચવું છે. તેમના દિલમાં વસવું છે. કવિ ઈશ્વરને પ્રાર્થે છે કે તમે રંકનાં રતન સમા છો. એમનાં આંસુ વ્યર્થ ન જાય એ તમારે જોવું રહ્યું. અમારી આટલી વિનમ્ર અરજ તમને માન્ય હોય, તો તમે હૃદયથી એ રંકનાં નયનોમાંથી વહેતાં

Scanned with OKEN Scanner

આંસુને લૂછવા પહોંચશે. ઈશ્વર તો રાજરાણીનાં વસ્ત્ર જેવા છે. રાજરાણી થોડો વાર મારે વસ્ત્ર પહેરીને તે કોઈ ગરીબને આપી દે છે, પણ રંક સ્ત્રી જેવા અમે એ ચૂંદડીને ઈશ્વરની પ્રસાદી ગણી કફન સુધી સાથે રાખીએ છીએ. હૃદયમાં જે વિયોગની વેદના (આગ) વધી જાય અને એ વિરહાગ્નિની વેદના પવન સુધી એટલે કે બહાર નીકળે એ પહેલાં જ ઈશ્વરે કૃપા કરી અને અમારા શ્વાસ બંધ થઈ ગયા.

૨) પંક્તિઓ સમજાવો...

"ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફક્ત એક-મેકના મન સુધી."

કવિને ધરા સુધી કે ઊંચે ગગન સુધી જવામાં રસ નથી. તેમની ઉન્નતિ થાય કે પતન થાય તેની પણ તેમને પરવા નથી. કવિ કહે છે કે અહીં (આ પૃથ્વી પર) આપણે તો એકબીજાના મન સુધી જવું હતું, એકબીજાનાં દિલમાં વસવું હતું.

Scanned with OKEN Scanner

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા


શિક્ષણ સાગર
The King of Education

| આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે . | ૧. ટીચર  ૨. વિદ્યાર્થી<br>૩. ટીચર હેલ્પ ડેસ્ક |
|---|---|

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સએપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION